# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે બનાસકાંઠાના ડિસાથી રાજ્યકક્ષાનાં ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ કરાવશે.
2) આજે વિશ્વ પ્રવાસન દિવસઃ ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યા 24 ટકા વધીને 18 કરોડ 59 લાખ થઈ.
3) પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણમાં ગુજરાતને વધુ બે લાખ 44 હજાર મકાનોનો લક્ષ્યાંક આપવામાં આવ્યો.
4) નાગરિકોના આધાર કાર્ડ અને પેન કાર્ડની માહિતીને ઇન્ટરનેટ પર મૂકતી વેબસાઈટ્સ પર કેન્દ્ર સરકારનો પ્રતિબંધ.
5) હવામાન વિભાગનું આજે દક્ષિણ ગુજરાતનાં કેટલાંક જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ.

---

## GARIB KALYAN MELO

રાજ્યભરમાં આજે ગરીબ કલ્યાણ મેળા યોજાશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે બનાસકાંઠાના ડીસા શહેરમાં રાજ્ય કક્ષાના ગરીબ કલ્યાણ મેળાને ખુલ્લો મૂકશે. આ પ્રસંગે જળ સંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયા પણ ઉપસ્થિત રહેશે.

વલસાડમાં નાણાં મંત્રી કનુભાઈ દેસાઇ, જામનગરમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલ તો મહેસાણામાં ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત અને દેવભૂમિ દ્વારકામાં મુળુભાઇ બેરા જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળાનું ઉદ્ઘાટન કરશે. અલગ અલગ જિલ્લાઓમાં યોજાનાર મેળાઓમાં રાજ્ય સરકારના મંત્રીઓ ઉપસ્થિત રહેશે.

ગરીબ કલ્યાણ મેળાઓના આયોજનથી 125 કરોડ રૂપિયાની ગુણવત્તાયુક્ત કીટ્સનું લાભાર્થીઓને પ્રત્યક્ષ વિતરણ થશે. વર્ષ 2009માં શરૂ થયેલા આ ગરીબ કલ્યાણ મેળામાં વ્યક્તિલક્ષી યોજનાઓ, માનવ ગરીમા યોજના, કુંવરબાઇનું મામેરૂ, ડો. આંબેડકર આવાસ યોજના, વિદેશ અભ્યાસ લોન યોજના, પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના, દિવ્યાંગ સાધન સહાય યોજના, યોજના વગેરેના લાભાર્થીઓને લાભ આપવામાં આવે છે. સાણંદ APMC ખાતે રાજ્યસભાના સાંસદ નરહરિ અમીનના અધ્યક્ષસ્થાને જિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાશે. જે અંતર્ગત જિલ્લાના ૨૭૬૪ લાભાર્થીઓને વિવિધ વિભાગો દ્વારા ૭૩ કરોડ રૂપિયાથી વધુની સહાય તથા કિટનું વિતરણ કરાશે. અમરેલીમાં સવારે ૯ કલાકે લીલીયા રોડ ખાતેના ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે અને રાજકોટ જિલ્લાનો કાર્યક્રમ ગોંડલના નવા માર્કેટિંગ યાર્ડ ખાતે યોજાશે. જેમાં આશરે ૨,૩૦૦ લાભાર્થીઓને સવા ત્રણ કરોડ રૂપિયાથી વધુની રકમની સહાયનું વિતરણ કરવામાં આવશે.

---

## BANASKANTHA PANI PURVATHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે બનાસકાંઠામાં 633 કરોડ રૂપિયાના બે પાણી પુરવઠા યોજનાઓનું લોકાર્પણ કરશે.

બનાસકાંઠા જિલ્લામાં પીવાની પાણીની સમસ્યાના કાયમી નિરાકરણ માટે ડીસા અને લાખણી તાલુકાના ગામોની જૂથ પાણી પુરવઠા યોજના ઉપરાંત

દેવપુરા અને રણકપુર ઓફટેક યોજનાના સુધારિત વિકાસ કાર્યોનું પણ મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરાશે.

આ બે યોજનાઓને કારણે ડીસા અને લાખણી તાલુકાના 88 ગામો તેમજ દિયોદરના કુલ 104 ગામ અને થરા શહેરને શુદ્ધ પીવાના પાણીનો લાભ મળશે. આ બંને યોજનાઓ અંતર્ગત નર્મદા કેનાલના પૂર્વ ભાગના કુલ 192 ગામોના અંદાજે 7 લાખ નાગરિકો માટે દૈનિક **૬.૪૦ કરોડ લીટર પીવાનું પાણી વિતરણ કરી શકાશે.**

---

## GUJARAT VISITORS

આજે વિશ્વ પ્રવાસન દિવસ છે. સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ પ્રવાસન સંગઠન દ્વારા વર્ષ ૧૯૮૦થી ૨૭મી સપ્ટેમ્બરે તેની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ-૨૦૨૪ના પ્રવાસન દિવસની વિષય વસ્તુ છે- "પ્રવાસન અને શાંતિ". ગુજરાત છેલ્લાં કેટલાંક વર્ષોમાં દેશ વિદેશનાં પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે અને દર વર્ષે ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યા વધી રહી છે.

રાજ્યની મુલાકાત  લેનારા પ્રવાસીઓનીસંખ્યા 24 ટકા વધીને 2023-24માં 18 કરોડ 59 લાખ થઈ છે તેમ, પ્રવાસન મંત્રી મુળુ બેરાએ જણાવ્યું છે. તેમાં 17 કરોડ 50 લાખ સ્થાનિક પ્રવાસીઓ તેમજ 23 લાખ 43 હજાર  વિદેશી પ્રવાસીઓનો સમાવેશ થાય છે.

શ્રી બેરાએ વધુમાં જણાવ્યું કે, દેશભરમાંથી સૌથી વધુ 1 કરોડ 65 લાખ માઈ ભક્તોએ અંબાજી દર્શનનો લાભ લીધો છે. જ્યારે સોમનાથ મંદિર ખાતે 97 લાખ 93 હજાર પ્રવાસીઓએ દર્શનનો લાભ લીધો છે. અમદાવાદના કાંકરિયા લેક ફ્રન્ટ પર 79 લાખ, સાબરમતી રિવરફ્રન્ટની 44 લાખ, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે

43 લાખ કરતાં વધુ એમ મળીને કુલ 1 કરોડ 93  લાખ જેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી.

---

# PM AWAS YOJNA

પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણમાં વર્ષ 2024-25 માટે ગુજરાતને આપવામાં આવેલા 54 હજાર આવાસના લક્ષ્યાંક સામે આ યોજનાના અમલીકરણમાં ગુજરાતની કામગીરી અને લાભાર્થીની વધુ સંખ્યાને ધ્યાનમાં લઈને કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલયે વધારાના 2 લાખ 44 હજાર મકાનોનો લક્ષ્યાંક  આપ્યો છે. આ લક્ષ્યાંક સાથે હવે 2024-25ના વર્ષમાં રાજ્યનાં ગામડાંઓમાં 2 લાખ 99 હજાર મકાનોનું નિર્માણ થશે.

---

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

---

# WEB SITES BLOCKED

સરકારે નાગરિકોના આધાર કાર્ડ અને પેન કાર્ડની માહિતીને ઇન્ટરનેટ પર ઉજાગર કરતી વેબસાઈટ્સ પર પ્રતિબંધ લગાવી દીધો છે.

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રાલયે નાગરિકોની વ્યક્તિગત સંવેદનશીલ ઓળખ સહિત આધાર અને પેનની માહિતી ઉજાગર કરતી કેટલીક વેબસાઈટ્સની ઓળખ પણ કરી છે.ભારતીય વિશિષ્ટ ઓળખ સત્તામંડળે આ મામલે આધાર અધિનિયમ 2016ની ધારા 29 (4) હેઠળ કેસ નોંધ્યો છે. ઉપરાંત ભારતીય કમ્પ્યૂટર ઇમરજન્સી ટીમને આ વેબસાઈટ્સમાં સલામતી અંગે ખામીઓ જોવા મળી હતી. સંબંધિત વેબસાઈટ્સના માલિકોને જરૂરી કાર્યવાહી અને સાઈટમાં ફેરફાર કરવાનો નિર્દેશ અપાયો છે.

---------------------------------------------------------------------

## STATE EDUTCATION PLOICY

નવી શિક્ષણનીતિ લાગુ થયા બાદ રાજ્યના શિક્ષણ વિભાગે રાજ્યમાં શિક્ષણ પદ્ધતિમાં મોટા ફેરફાર જાહેર કર્યા છે. તે અનુસાર રાજ્યમાં રાજ્યમાં ધોરણ 1થી 12માં આગામી વર્ષથી અલગ અલગ વિષયના 20 જેટલા પુસ્તકો બદલાશે. કેટલાક પુસ્તકમાં કેટલાક પ્રકરણમાં ફેરફાર કરાયા છે, તો કેટલાક વર્ગોમાં આખુય પુસ્તક બદલાવામાં આવશે. જેમાં ધોરણ 1 અને 2માં ગુજરાતી અને ગુજરાતી દ્વિભાષાના નવા પુસ્તકોનો સમાવેશ કરાશે.

ઉપરાંત ધોરણ 3 અને 6માં પર્યાવરણ અને વિજ્ઞાનના નવા પુસ્તકો, જ્યારે ધોરણ 8માં તમામ માધ્યમમાં ગણિત અને વિજ્ઞાનના પુસ્તકો દ્વિભાષી કરવામાં આવશે. ધોરણ 12માં અર્થશાસ્ત્રનું નવું પુસ્તક ઉમેરવામાં આવશે.

(બાઇટ- કમલેશ પરમાર,નાયબ નિયામક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ)

---------------------------------------------------------------------

## BJP VIRODH PRADARSHAN

ભાજપ દ્વારા આજે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી વિરૂધ્ધ રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન કરાશે. રાહુલ ગાંધીએ વિદેશમાં અનામત ખતમ કરવાનું નિવેદન આપ્યું હતું. આ મામલે ભાજપ દ્વારા રાજ્યના 41 સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરવામાં આવી હોવાનું રાજ્યમંત્રી જગદીશ પંચાલે જણાવ્યું હતું.

(બાઇટ- જગદીશ પંચાલ, રાજ્યમંત્રી)

---

## RAIN UPDATED

રાજ્યમાં લાંબા સમયના વિરામ બાદ વરસાદે ફરી એકવાર જોર પકડયું છે. હવામાન વિભાગે આજે વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીમાં ભારે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે તો ગીર સોમનાથ, ભરૂચ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી અને ડાંગ સહિતના જિલ્લાઓમાં અતિભારે વરસાદ માટે ઓરેંજ એલર્ટ જાહેર કરાયું છે.

દરમ્યાન ગઇકાલે 178 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ ભાવનગરના ગોઘા તાલુકામાં સાડા ચાર ઇંચ વરસાદ નોંધાયો હતો. તો વલભીપુર, પાલીતાણા અને સિહોર તાલુકામાં અંદાજિત સાડા ત્રણથી ચાર ઇંચ વરસાદ નોંધાયો હતો.

આ સાથે જ મહુવા પંથકમાં સિજનનો સૌથી વધુ વરસાદ નોંધાયો છે. તો તાપી જિલ્લાના વ્યારામાં ગઇકાલે રાત્રે 2 કલાકમાં ચાર ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવામાં તથા સુબીર તાલુકામાં એક કલાકમાં અંદાજિત અડધો ઇંચ વરસાદ નોંધાયો હતો.

-----------------------------------------------------------------------